# મહાત્મા મંદિર પરિસરમાં મહિલા દિનની અનોખી ઉજવણી

## રાજ્યની આંગણવાડી કાર્યકર-તેડાગર બહેનોને હવે ડીબીટીથી માનદ વેતન-પગાર સીધુ જ બેંક ખાતામાં મળશે

ગાંધીનગર, તા. ૮
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટ મત વ્યકત કર્યો છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ







મોદીએ સેવેલા નયા ભારતના નિર્માણના સપનાને ભારતને આર્થિક મહાસત્તા-ફાઈવ ટ્રિલીયન ડોલર ઈકોનોમી તરીકે પ્રસ્થાપિત કરીને પાર પાડવામાં નારી-માતૃશક્તિના હરેક ક્ષેત્રે યોગદાન અને સહભાગીતાથી જ સાકાર કરી શકાશે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે દેશની જન સંખ્યાના અડધો અડધ એવી માતા-બહેનોમાં પડેલી આંતરનિહિત શક્તિ, સૂઝ અને સામર્થ્યને બહાર લાવી મહિલાઓને પણ સમાન અવસરથી નયા ભારતના નિર્માણમાં ગુજરાત સક્રિય યોગદાન આપશે.

૮મી માર્ચની આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં રાજ્ય સરકારના મહિલા-બાળ કલ્યાણ વિભાગ આયોજિત સમારોહના અધ્યક્ષસ્થાનેથી મુખ્યમંત્રી સંબોધન કરી રહ્યા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ ઉજવણી અંતર્ગત ગુજરાત સરકારની આગવી પહેલ રૂપે રાજ્યની આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માનદ વેતનની ચુકવણી ડીબીટી મારફતે સીધા જ બેંક ખાતામાં ચુકવવાની પારદર્શી પદ્ધતિનો પ્રારંભ કરાવ્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ રાજ્યની આંગણવાડી તેડાગર બહેનોને હવે પગારના નાણાં સીધા જ બેંક ખાતામાં જમા થવાની ગુજરાતની પહેલને પારદર્શી વ્યવસ્થા, ફેઈસ લેસ સિસ્ટમ અને વચેટિયા નાબૂદીની દિશામાં વધુ એક નક્કર કદમ ગણાવી હતી. અમારી સરકાર સાફ નિયત અને નેક નીતિથી નિર્ણયો લઈને કોઈનેય કયાંય ભ્રષ્ટાચારનો ભોગ બનવું ન પડે તેવી પ્રતિબદ્ધતાથી જન સેવારત છે.

મુખ્યમંત્રીએ વ્હાલી દીકરી યોજના અંતર્ગત દીકરીના જન્મ બાદ તેના અભ્યાસની ચિંતા સરકારે કરીને પહેલા ધોરણમાં પ્રવેશ વેળાએ રૂ. ૪ હજારથી શરૂ કરીને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચશિક્ષણ-લગ્ન માટે કુલ મળીને ૧ લાખ રૂપિયા સરકાર વ્હાલી દીકરીઓને આપે છે તેનો ચિતાર આપ્યો હતો.

રાજ્ય સરકારે આ હેતુસર એલ.આઈ.સી.ને ફંડ મેનેજર તરીકેની જવાબદારી સોંપીને એમઓયુ કર્યા છે. આ વ્હાલી દીકરી યોજનાના અમલીકરણ અને સંચાલન એજન્સી તરીકે એલ.આઈ.સી. સાથે રાજ્ય સરકારના મહિલા બાળ વિકાસ વિભાગના થયેલા એમઓયુ અન્વયે રર કરોડ રૂપિયાનો ચેક એલ.આઈ.સી.ને અર્પણ કર્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠક ર૦ મિનિટમાં જ સંપન્ન થઈ ગઈ હતી.
- ગાંધીનગર એલ. આઈ. સી.ની શાખાની મહિલા કર્મયોગીનીઓ દ્વારા આજે મહિલા દિવસની ઉજવણી અનોખી રીતે કરાઈ હતી. આ મહિલા કર્મયોગીનીઓએ સમર્પણ મૂક-બધિરના બાળકોને શૈક્ષણિક હેતુ સબબ ખાસ કીટ બનાવી અને આપી હતી.
- જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે આજે મહિલા કર્મયોગીનીઓને ગુલાબનું ફૂલ આપી સન્માનિત કરવામાં આવેલ.
- ગાંધીનગર જિલ્લામાં બર્ડફ્લુને લઈ ચારેય તાલુકામાં આવેલ પોલ્ટ્રીફાર્મમાં સર્વેની કામગીરી જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે અને જે આગામી દસ દિવસ સુધી ચાલુ રખાશે.
- વિશ્વ મહિલા દિવસની ઉજવણી વોર્ડ નં. ૭ ના કાઉન્સીલરો હિરલબેન જોશી, રાકેશ પટેલ, જયરાજસિંહ તેમજ શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ ઉર્પલ જોશીએ વોર્ડમાં સફાઈની સેવા કરતી કર્મયોગીનીઓને ફૂલ અને ભેટ આપી સન્માનિત કરી હતી.

# મહુન્દ્રા પાટીયા પાસે કાર પલટતા એક વ્યકિતનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૮
ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર મહુન્દ્રા પાટીયા પાસે ગતરોજ રાત્રીના સુમારે અચાનક કાર પલ્ટી



ખાઈ જતા એક નું મૃત્યુ અને ત્રણ વ્યકિતને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. અમદાવાદ ખાતે રહેતા બે સગા ભાઈઓ સહિત ૪ મિત્રો ઉદેપુરથી પરત ફરી રહ્યા હતા તે સમયે માર્ગમાં અકસ્માત નડ્યો હતો.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદના ઠક્કરનગર ખાતે રહેતા વિનોદભાઈ અરજણભાઈ પટેલ (ઉ.૪૬ રહે, ઈન્દ્રજીત સોસાયટી નિકોલ રોડ) કેડીલા ફાર્મામાં સેફટી અધિકારી તરીકે ફરજ બજાવે છે. ઉદેપુર ખાતે આવેલી ફાર્મા કંપનીમાં કામઅર્થે જવાનું હોવાથી નાના ભાઈ ધર્મેશ અને બે મિત્રો વિક્રાંતભાઈ અને ગોપાલભાઈ સાથે તા.૬ માર્ચના રોજ નીકળ્યા હતા.ઉદેપુર ખાતે રાત્રી રોકાણ બાદ સાંજના સુમારે તેઓ ગાડી નં.જી.જે.૧૮.બી.ડી.-૬૪૩૭ લઈને નીકળ્યા હતા. કાર ધર્મેશભાઈ અરજણભાઈ પટેલ ચલાવી રહ્યા હતા. તે સમયે રાત્રીના સાડા અગીયાર વાગ્યાના સુમારે મહુન્દ્રા પાટીયા પાસે ડાયવર્ઝનમાં તેમણે કાર એકદમવાળી દીધી હતી.જેથી કારની બાજુમાં રહેલી જગ્યા પર કાર અથડાઈને પલટી મારી ગઈ હતી અને માર્ગની બાજુમાં આલેવા ખાડામાં પડી હતી. જો કે સમગ્ર કેસમાં ચિલોડા પોલીસે અકસ્માતે મોતની નોંધી કરી આગળની તપાસ હાથ ધરી હતી.બનાવ બાદ ગભરાઈ ગયેલા વિનોદભાઈ કારની બહાર નીકળ્યા ન હતા. જેમા જોયુ તો નાનો ભાઈ ધર્મેશ કારની બહાર પડેલો હતો. તેમજ તેને માથાના ભાગે ઈજા પહોંચી હતી. જયારે કારની પાછળની સીટમાં બેઠેલા પ્રશાંતભાઈ ને હાથે પગે ઈજા પહોંચી હતી. દોડી આવેલા સ્થાનિક નાગરીકો૧૦૮ દ્વારા ઘાયલોને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.જયા ડોકટરે તપાસ કર્યા બાદ ધર્મેશ ભાઈને મૃત જાહેર કર્યા હતા.



## સાદરામાં નવા વિદ્યાર્થીઓનો આવકાર કાર્યક્રમ યોજાયો

ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરાના બી.એ.સત્ર-૧ ગુજરાતી વિષય વિભાગના વિદ્યાર્થીઓ માટેનો આવકાર કાર્યક્રમ ગુજરાતી પરિસંવાદ ખંડમાં સંકુલના સંયોજક રમેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો. ગુજરાતી વિષય વિભાગ વિદ્યાર્થીઓના જ્ઞાન વર્ધક અર્થે અનેક વિધ પ્રવૃત્તિઓ કરી રહ્યો છે. જેમકે કવિ સંમેલન, નાટયતાલીમ, વાંચન શિબિર, ભાષા સાહિત્ય વિભાગોની મુલાકાતનાં સંસ્મરણોની યાદ અધ્યશ્રીય પ્રવચનમાં કરાઈ. જય જય ગરવી ગુજરાતનો ગીતનાદ ગીતા દેસાઈએ કર્યો. તૃતીય વર્ષ ગુજરાતી વિષયના વિદ્યાર્થીશ્રી વેદાન્ત પુરોહિતે પ્રતિભાવો આપ્યા હતા. ગુજરાતી વિષયમાં નવા પ્રવેશાર્થીઓએ પોતાનો પરિચય આપી રસના-શોખના વિષયો જણાવ્યા, તેમજ પ્રત્યેક વિદ્યાર્થીઓને બોલપેન આપી આવકારવાનું ઉત્કષ્ઠ કાર્ય અલ્પાહાર સાથે તૃતીય વર્ષના વડિલ વિદ્યાર્થીઓએ કર્યુ હતુ. કાર્યક્રમનું આયોજન તેમજ આવકારવાનું કાર્ય ડૉ. કનુભાઈ વસાવા, ડૉ. ધ્વનિલ પારેખ, ડૉ. સંજય મકવાણા અને ડૉ. બળદેવ મોરી દ્વારા કરવામાં આવ્યુ. શુદ્ધ ગુજરાતી ભાષામાં સભા સંચાલન પુષ્કર કલોલાએ કર્યુ, જયારે જાનીની અમીને સમગ્ર કાર્યક્રમનું આભાર દર્શન કર્યુ હતુ.



સુઘડ ગામ ખાતે ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ શક્તિભાઈ પટેલ દ્વારા સેવાકાર્યને આગળ વધારવા સુઘડ પ્રાથમિક શાળા ખાતે મધ્યાહન ભોજન લેતા બાળકોને ૫૦૦ થી વધુ ભોજનની ડિશોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં રાજકીય અને સામાજીક આગેવાનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૮
મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ દ્વારા દક્ષિણ આફ્રિકામાં સ્ત્રીઓને મતાધિકારનો અધિકાર આપ્યો. એવા મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. અધ્યાપિકા ડૉ. ઝેનામાબીબી કાદરીએ આ પ્રસંગે વાર્તાલાપ આપતા કહ્યુકે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણીનું મહત્વ, મહિલાઓના નેતૃત્વ અંગે તેમજ સમાજમાં મહિલાઓના સન્માન, આદર વિષયક સુંદર માહિતી આપી. રાષ્ટ્રીય સેવા યોજના એકમના કાર્ય સંગઠક ડૉ. દિવ્યેશ ભટ્ટે કાર્યક્રમનું સંચાલન કર્યુ અને ડૉ. મોતી દેવુએ આભાર વિધિ કરી હતી.

## સમર્પણ કોલેજમાં થેલેસેમિયા અવેરનેસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૮
સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ એનએસએસ યુનિટ તથા જિલ્લા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે આજરોજ થેલેસેમિયા અંગે ઓનલાઈન અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં ગુજરાત સ્ટેટ રેડક્રોસમાં પ્રોગ્રામ ઓફીસર જયેશભાઈ સોલંકીએ પીપીટી દ્વારા વિદ્યાર્થીઓને રેડક્રોસ સોસાયટી અને થેલેસેમિયા વિષે વિસ્તૃત માહિતી આપી હતી. આ વિશેષ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા રેડક્રોસના ઝિલુભા ધાંધલ અને અશ્વિન દવે ઉપસ્થિત રહ્યા હતા.

## છાલા હાઈસ્કૂલ ખાતે માનસિક-શારિરીક સ્વસ્થતા માટે વાર્તાલાપ યોજાયો

ચિલોડા, તા. ૮
ગાંધીનગર તાલુકાની છાલા સ્થિત શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને અનિકેર ગ્રામ વિકાસ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને સ્વસ્થ માનસિક આરોગ્ય જાળવવા માટેનો વિશિષ્ટ કાર્યક્રમ સોશ્યલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરીને યોજવામાં આવ્યો હતો.

આ તબક્કે ડૉ. વિધિબેન મોદી, રેખાબેન મહેતા, મમતાબેન મિશ્રા, અંકિત મહેતા સર્વે ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ડૉ. વિધિબેન મોદીએ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાના સમયે કે જીવનમં તણાવ કે તણાવ મુક્ત પરિસ્થિતિમાં આત્મવિશ્વાસ કેવી રીતે વધારવો, પરીક્ષાનો હાઉ કેવી રીતે દૂર કરવો તેના વિશે તદ્‌ઉપરાંત માનસિક સ્વસ્થતા, જાળવી રાખવાની રસપ્રદ-મહત્વની માહિતીનું પ્રદાન કર્યુ હતુ. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય આર.એસ. ચૌધરી સાહેબે સમગ્ર ટીમને અભિનંદન સહિત આભાર માન્યો હતો.



શ્રી દંઢાવ્ય ઔદિચ્ય સહસ્ર છોત્તેર સાંસ્કૃતિક બ્રહ્મસમાજ અમદાવાદનો કાર્યક્રમ યોજાયો જેમાં સમારંભના પ્રમુખ ધારાશાસ્ત્રી અશ્વિનભાઈ ત્રિવેદી, પોપટલાલ ભટ્ટ, સમાજના પ્રમુખ મહેન્દ્રભાઈ પંડયા, ભાગવત કથાકાર રાજેશભાઈ દવે, અનિલભાઈ દવે - પ્રમુખ પશ્ચિમ વિભાગ તેમજ નવા ચૂંટાયેલા અમદાવાદ મ્યુનિસિપલ બ્રહ્મ કાઉન્સિલરોની ઉપસ્થિતિમાં 'બ્રહમજયોત' રજતજયંતિ વિશેષાંકનું વિમોચન અને કાઉન્સિલરોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

# અડાલજના યુવાને ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૮
ગાંધીનગર શહેર નજીક આવેલા અડાલજ ખાતે રહેતા ૨૬ વર્ષિય યુવકે ઝેરી દવા ગટગટાવી લેતા સારવાર દરમિયાન તેનું મૃત્યું નિપજયું છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અડાલજ ભોંયણી વાસ ખાતે રહેતા આતિશ પ્રતાપજી ઠાકોરે (ઉં.૨૬) ગત તા.૫ માર્ચના રોજ ઘરથી થોડે દુર દવા પી લીધી હતી. દવાની અસર થતા તેને ઉલ્ટીઓ થવા લાગી હતી. જેથી તે પોતાના ઘરે ગયો ત્યાં સુધીમાં અર્ધ બેભાન અવસ્થામાં હતો. દિકરાની હાલત જોઈને માતાએ પાડોશીઓની મદદ માંગી તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયાં તાત્કાલીક વિભાગમાં પ્રાથમિક સારવાર બાદ તેને એડમીટ કરવામાં આવ્યો હતો. જયાં સોમવારે સવારે તેનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે મૃતદેહનું પીએમ કરાવી અકસ્માતે મોતનો ગુનો નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. મૃતક યુવાન આતિશના પરિવારમાં માતા-પિતા અને બહેનનો સમાવેશ થાય છે. જયારે યુવકે કયા કારણોસર આપઘાત કર્યો તે દિશામાં પોલીસે તપાસ શરુ કરી છે.



## ચિલોડા બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત રાજયોગ બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત વિશિષ્ટ મહિલાઓનું સન્માન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા આદરણીય શારદા દીદી આંબાવાડી સેવા કેન્દ્રના ઈન્ચાર્જે મહિલા સશક્તિકરણ વિશે માર્મિક પ્રવચન આપ્યું હતું. મહિલા વીન્ગ રાષ્ટ્રીય સંયોજક તેમજ અતિથિવિશેષ પદે સવિતા મલિકજી, પ્રેસિડન્ટ બી.એસ.એફ., વેલ્ફેર એસોસિએશન ઉપસ્થિત રહ્યા હતા. વિષ્ણુભાઈ પ્રજાપતિ ગાંધીનગર હોમગાર્ડઝ વિભાગ, ડૉ. નીરજ સિલાવટ, સિનિયર પ્રાધ્યાપક, ગુજરાત વિદ્યાપીઠ રમીલાબેન પ્લાટુન સાર્જન્ટ મુખ્યમંત્રી દ્વારા પુરસ્કૃત, અપેક્ષાબેન, ડાયરેક્ટર જનરલ ગુજરાત રાજ્ય-કોરોના રસીકરણની માહિતી સમય મર્યાદામાં અપલોડ કરનાર પુરસ્કૃત વગેરે મહિલાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમના મુખ્ય આયોજક કેન્દ્રના મુખ્ય સંચાલિકા તારાદીદી, ૨૦૦ થી વધુ મહિલાઓ, હોમગાર્ડઝ જવાન ગુજરાત વિદ્યાપીટ સાદરા સ્થિત વિદ્યાર્થીનીઓએ ખુબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગુજરાત વિદ્યાપીઠ બોલ મહિલા ટીમ આંતર ભારતીય વિશ્વ વિદ્યાલય મહિલા ટ્રાગેટ બોલ પ્રતિયોગિતા વર્ષ ૨૦૨૦માં કાંશ્યપદક વિજેતા ટીમનું વિશિષ્ટ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# રીક્ષાચાલકે સોના-ચાંદીના દાગીના ભરેલું પર્સ મહિલાને પરત કર્યું

ગાંધીનગર, તા.૮
સોના-ચાંદી દાગીના તેમજ રોકડા રૂપીયા ભરેલી બેગ રીક્ષામાં ભુલાઈ ગઈ હતી. ત્યારે પોલીસે આ બેગની શોધખોળ કરીને મુળ માલિકને પરત કરી હતી. મળતી વિગત મુજબ સવિતાબેન વિકાસકુમાર સોની નિરમા યુનિવર્સિટીથી રીક્ષાં બેસીને ગાંધીનગર આવ્યા હતા. ત્યારબાદ બેગ રીક્ષામાં જ ભુલી ગયા હતા.જેમાં મહિલાનો કિંમતી સામાન સોનાનું મંગળસુત્ર, ચાંદીના પાયલ, અંગુઠી, નાકની ચુની તેમજ રોકડા રૂ૫,૫૦૦ હતા. બેગ રીક્ષામાં રહી ગઈ હોવાથી મહિલા ચિંતિત નજરે પડી રહ્યા હતા. ત્યારે સેકટર-૭ પીઆઈ જે.એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સની ટીમના સભ્યો સીસીટીવી ફુટેજ ચેક કરીને રીક્ષાની શોધખોળ આદરી હતી. જેથી રીક્ષા ચાલકનો સંપર્ક થઈ ગયો હતો. જયારે રીક્ષા ચાલકે પણ અન્ય રીક્ષા ચાલકોને પાકીટ મળ્યું હોવાની જાણ કરી હતી. બેગ રીક્ષા ચાલકે ઘરમાં મુકી રાખી હતી. જેથી રીક્ષા ચાલક લઈ આવીને આપતા સેકટર-૭ પોલીસ મથક ખાતે મહિલાને બેગ પરત આપી હતી.

## પતરાના ફર્મા ચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૮
ગાંધીનગર શહેરના ખ-૩ થી વાવોલ ફાટક તરફ જવાના માર્ગ પર જમણી બાજુએ સેકટર-૧૪ ગુજરાત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની કચેરી ખાતે ખુલ્લી જગ્યામા મુકવામાં આવેલા પતરાના ફર્મા નંગ-૪૯ કિં.૨૪,૫૦૦ ની કિંમતના કોઈ શખ્સ ચોરી કરી લઈ ગયા હતા. અમદાવાદ ખાતે રહેતા જીતેન્દ્રભાઈ પટેલે આ ગુનાની ફરીયાદ નોંધાવતા સેકટર-૭ પોલીસે તપાસ શરુ કરી હતી. જેમાં પોલીસે ચોકક્સ બાતમીને પગલે આરોપી નલિન દલસુખ ઉપરેજીયા અને કનૈયાલાલ હીરાલાલ ગુર્જરની પોલીસે પકડી પાડી ચોરીનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સાદરાના કન્યા છાત્રાલયમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૮
સાદરાના ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ ખાતે કન્યા છાત્રાલયની શાયમ પ્રાર્થનામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના વાર્તાલાપ દ્વારા કરવામાં આવી હતી. મહિલાઓએ મન મજબૂત મક્કમ બનાવવાની જરૂર છે, વ્યર્થ વિચારો છોડો-સમર્થ વિચારો કરો, મહિલાઓ માટેની ૩૩ ટકા અનામતનો લાભ લેવો જોઈએ અને સમાજ સેવા રાષ્ટ્ર સેવામાં વિશ્વ-રાષ્ટ્ર-રાજ્ય ફલકની મહિલાઓ જેવા અનેક નોબલ પરિતોષિક વિજેતા મહિલાઓના સમાજ સેવાના કાર્યોની ઝાંખી કરાવી હતી. સભાસંચાલન વિદ્યાર્થીની પૂજા ઘાડિયાએ કર્યુ જ્યારે આભાર દર્શન વિદ્યાર્થિની મીલ્કા હીલીમે કર્યુ. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગૃહમાતા વસંતી પરમાર અને સ્મીતા ગામીતે કરી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી હતી.

**ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમીટેડ**
પ્રથમ માળ, હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ બિલ્ડીંગ, મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૩, ગાંધીનગર.
ફોન નં. ૯૯૦૯૯૧૯૩૬૭/૯૯૦૯૯૧૯૩૬૮
ઈમેઈલ-contact@gurjari.co.in વેબસાઈટ : www.gurjari.gujarat.gov.in
CIN No. U2219GJ1973SGC002360

**જાહેર નિવિદા**

**ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ. ખાતે કોન્ફરન્સ રૂમ, સ્ટોરેજ અને મેઈન ગેટની રિનોવેશનની કામગીરી કરવા બાબત**

નિગમની વડી કચેરી સેક્ટર-૧૩ ખાતે આવેલ ઓફીસમાં કોન્ફરન્સ રૂમમાં રાઉન્ડ ટેબલ, ખુરશી, રેકોર્ડ રૂમમાં રેકોર્ટ સ્ટોરેજ અને મેઈન ગેટ પાસે કેટલ ગાર્ડ બનાવવા અંદાજીત રૂ. ૪.૯૯ લાખની રિનોવેશનની કામગીરી કરવાની થાય છે. જેનું ટેન્ડર ફોર્મ ઉપરોક્ત સરનામે ટેન્ડર ફી રૂ. ૬૦૦/- ભરી કચેરી કામકાજના દિવસોમાં તા. ૨૫/૩/૨૦૨૧ સુધી ૧૭.૦૦ કલાક સુધી મેળવી લેવાનું રહેશે અને ભરેલ ટેન્ડર ફોર્મ ઈસ્ઠ તથા ટેન્ડર ડોક્યુમેન્ટ સાથે તા. ૨૬/૩/૨૦૨૧ સુધીમાં ૧૭.૦૦ કલાક સુધીમાં કચેરીમાં ઈંછહ્થી મોકલી આપવાનું રહેશે. જાહેર નિવિદા નિગમની વેબસાઈટ www.gurjari.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

માહિતી/૨૦૨૭/૨૦-૨૧ — મેનેજીંગ ડીરેક્ટર